# નબવી નસીહતો

હઝરત મઆઝ બિન જબલ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર મને દસ વાતોની વસિયત ફરમાવી.

(૧) અલ્લાહની સાથે કોઈને ભાગીદાર ન બનાવો. ભલે કતલ કરી નાંખવામાં આવે, અથવા બાળી દેવામાં આવે.

(૨) માં–બાપની નાફરમાની ન કરો, ભલે તે તમને હુકમ કરે કે બાલ બચ્ચાં અને માલ–દોલત છોડી ચાલ્યા જાઓ,

(૩) અને ઈરાદાપૂર્વક કદી એક પણ ફર્ઝ નમાઝ ન છોડો, કેમ કે જેણે એક નમાઝ પણ જાણી બુજીને છોડી દીધી, તેના માટે અલ્લાહ તઆલાનો વાયદો અને જવાબદારી નથી.

(૪) અને કદી પણ દારૂ ન પીઓ કેમકે દારૂ પીવું દરેક બુરાઈની જળ છે. (એટલે જ એને બુરાઈઓની માં કહેવામાં આવે છે.)

(૫) અને દરેક ગુનાહથી બચો, કેમકે ગુનાહના કારણે અલ્લાહનો ગઝબ ઉતરે છે.

(૬) અને જિહાદમાં પાછીપાની કરો, ભલે મુરદાઓના ઢગલા ખડકાય જાય.

(૭) અને જયારે તમે કોઈ જગ્યાએ લોકો સાથે રહેતા હોવ અને ત્યાં (કોઈ બીમારી ફાટી નિકળવાથી) મોત પર મોત થતાં હોય, તો તમે ત્યાં જ રહો, (જીવ બચાવવા ત્યાંથી નાસો નહીં.)

(૮) અને બાલ–બચ્ચાંઓ પર શકિત અને તાકાત મુજબ ખર્ચ કરો, (એવી ન કંજુસી કરો કે પૈસા હોવા છતાં તેમને તકલીફ થાય. અને વધારે પૈસા ન હોય તો વાપરવામાં હૈસિયતથી આગળ ન વધો)

(૯) અને કેળવણી માટે તેમના ઉપર (જરૂરત મુજબ) દબાણ પણ કરો.

(૧૦) અને તેમને અલ્લાહ તઆલાથી ડરાવ્યા કરો. (મુસ્નદે અહમદ)

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

***અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૨૧

***નમાઝમાં દુરૂદ શરીફની હિકમત***

મનુષ્યો પર અને ખાસ કરી તે બંદાઓ પર જેમને કોઈ નબીની હિદાયત અને તાલીમથી ઈમાન નસીબ થયું, અલ્લાહ તઆલા પછી સૌથી મહાન ઉપકાર તે નબી અને રસૂલનો છે, જેની મારફત તેમને ઈમાન મળ્યું, અને જાહેર છે કે ઉમ્મતે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને ઈમાનની દોલત અલ્લાહના છેલ્લા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મારફત મળી છે. એટલા માટે આ ઉમ્મત અલ્લાહ તઆલા પછી સૌથી વધુ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઉપકાર નીચે છે. પછી જે પ્રમાણે અલ્લાહ તઆલા કે જે પેદા કરનાર, માલિક અને પરવરદિગાર છે તેનો હક છે કે તેની ઈબાદત અને વખાણ ત્થા તસ્બીહ કરવામાં આવે, એ જ મુજબ તેના પયગમ્બરોનો હક છે કે તેમના પર દુરૂદ શરીફ અને સલામ મોકલવામાં આવે. એટલે અલ્લાહ તઆલાથી તેમના માટે વધારે રહમત અને મહેરબાની તેમ દરજાઓ બુલંદ થવાની દુઆ કરવામાં આવે દુરૂદો સલામનો એ જ અર્થ થાય છે. અને ખરેખર આ તે ઉપકારીકોની બારગાહમાં અકીદત અને મહોબ્બતની ભેટ, વફાદારી અને તાબેદારીના નઝરાણા અને એહસાન અને ઉપકારના આભારની જાહેરાત છે. નહીં તો ખુલ્લીવાત છે કે તેમને આપણી દુઆઓની શું જરૂરત બાદશાહોને ફકીરો અને નાદારોની ભેટ સોગાતની કોઈ જરૂરત હોતી નથી.

તે છતાં એમાં કોઈ શંકા નથી કે અલ્લાહ તઆલા આપણી આ ભેટ તેમની સેવાઓમાં પહોંચાડે છે અને અમારી દુઆ અને માંગણીના હિસાબે તેમના

ઉપર અલ્લાહની મહેરબાનીઓ, અને બખ્શિશોમાં વધારો થાય છે. અને સૌથી મહાન ફાયદો આ દુઆ અને વફાદારીની જાહેરતનો આપણને જ પહોંચે છે. આપણો ઈમાની સંબંધ વધુ મજબુત બને છે. અને એકવાર ઈખ્લાસ સાથે પઢેલા દુરૂદના બદલામાં અલ્લાહ તઆલાની ઓછામાં ઓછી દસ રહમતોના આપણે હકદાર બનીએ છીએ. આ દુરૂદ અને સલામનો ભેદ અને તેના ફાયદાઓ છે.

***દુરૂદો સલામથી શિર્કનું મૂળ કપાય છે***

એ સિવાય એક ખાસ હિકમત દુરૂદો સલામની એ છે કે તેનાથી શિર્કની જળ કપાય જાય છે. અલ્લાહ તઆલા પછી સૌથી પવિત્ર અને ઈઝઝત લાયક વ્યકિતઓ, નબીઓ છે જયારે તેમના માટે પણ એ જ હુકમ છે કે તેમના ઉપર દુરૂદો સલામ મોકલવામાં આવે. (એટલે તેમના માટે અલ્લાહથી રહમત અને સલામતીની દુઆ કરવામાં આવે) તો જણાયું કે તે પણ સલામતી અને રહમત માટે ખુદાના મોહતાજ છે, અને તેમનો હક તેમજ ઉચ્ચ સ્થાન માત્ર એટલું જ છે કે તેમના માટે રહમત અને સલામતીની દુઆ કરવામાં આવે, રહમત અને સલામતી તેમના હાથમાં પણ નથી, જયારે તેમના કાબૂમાં નથી તો ખુલ્લી વાત છે કે બીજી કોઈ મખ્લૂકના હાથમાં પણ નથી, કેમકે બધી મખ્લૂકમાં સૌથી ઉચ્ચ અને શ્રેષ્ઠ સ્થાન તેમનું જ છે અને શિર્કનું મુળ એ જ છે કે ભલાઈ, રહમત અલ્લાહ સિવાય કોઈના કબ્જામાં સમઝવામાં ન આવે.

મતલબ કે દુરૂદો સલામના આ હુકમે આપણને નબીઓ અને રસૂલો માટે દુઆ કરનાર બનાવી દીધા, અને જે બંદો પયગમ્બરો માટે દુઆ કરનાર હોય તે બીજી મખ્લૂકનો પુંજારી કેવી રીતે થઈ શકે છે.

***કુર્આન પાકમાં દુરૂદો સલામનો હુકમ***

અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)પર દુરૂદો સલામ મોકલવાનો હુકમ "સૂરએ અહઝાબ"ની આ આયતમાં આપ્યો છે. અને ઘણી જ મજબૂત શરૂઆત સાથે આપ્યો છે.

﴿اِنَّ اللّٰهَ وَمَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا تَسْلِيْماً﴾

અર્થાત :– અલ્લાહની ખાસ મહેરબાનીઓ છે, અને તેના ફરિશ્તા દુરૂદ

મોકલે છે. નબી (અલૈ.) પર એય ઈમાન વાળાઓ ! તમે પણ દુરૂદો સલામ તેમના ઉપર મોકલતા રહો. (સૂરએ અહઝાબ : રૂ–૭)

આ આયતમાં નમાઝ અને બિન નમાઝનું કોઈ વર્ણન નથી, બિલ્કુલ એ મુજબ જેવું કે કુર્આનમાં ઘણી જગ્યાએ અલ્લાહની હમ્દ અને તસ્બીહનો હુકમ છે. અને નમાઝ અથવા બિન નમાઝનું કોઈ વર્ણન નથી, પરંતુ જેવી રીતે નુરે નબુવ્વતના પ્રકાશથી તે આયતોમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સમજી લીધુંકે એ હમ્દ અને તસ્બીહનો ખાસ મોકો નમાઝ છે, (જેથી આ હદીષ તેની જગ્યાએ પહેલા વર્ણન થઈ ચુકી છે) કે જયારે "فسبِّحُ بِاسْمِ رَبِّكَ الْعَظِيْمِ" અને "سبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى" ઉતરી ત્યારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ બતાવ્યું કે આ હુકમ પર અમલ એ રીતે કરવામાં આવે કે રૂકુઅમાં "સુબ્હાન રબ્બિયલ અઝીમ" અને સિજદામાં " સુબ્હાન રબ્બિયલ્આ'અલા" પઢવામાં આવે.)

મુજ નાચીઝનો ખ્યાલ એ છે કે એ જ મુજબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સૂરએ અહઝાબની આયત (સલ્લુ અલૈહિ વસલ્લિમુ તસ્લીમા) ઉતરી તે સમયે પણ લગભગ સહાબા (રદિ.)ને બતાવ્યું હતું કે આ હુકમ પર અમલ કરવાનો ખાસ મોકો અને મહલ નમાઝનો ભાગ એટલે છેલ્લો કાયદો છે. આ બાબતમાં કોઈ સાફ રિવાયત તો મુજ નાચીઝને જોવા મળી નથી. પરંતુ જે આધારે મારો આ ખ્યાલ છે આગળ આવતી હદીષના અનુસંધાનમાં લખીશ.

(١٦٥) عَنْ كَعْبِ بْنِ عُجْرَةَ رضـ قَالَ سَأَلْنَا رَسُوْلَ اللّٰهِ ﷺ فَقُلْنَا يَا رَسُوْلَ اللّٰهِ كَيْفَ الصَّلٰوةُ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ فَاِنَّ اللّٰهَ قَدْ عَلَّمَنَا كَيْفَ نُسَلِّمُ عَلَيْكَ فَقَالَ قُوْلُوْا اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَعَلٰى آلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَعَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ۔ اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَعَلٰى آلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَعَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ۔

(رواه البخاری ومسلم)

તરજુમોઃ– હઝરત કઅબ બિન ઉજરહ (રદિ.)થી રિવાયત છે કે (જેઓ બૈઅતે રિઝવાનમાં હાજર હતા) અમે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી

વસલ્લમ)ને પુછયું કે અલ્લાહ તઆલાએ એ તો અમને બતાવી દીધું કે અમે આપની સેવામાં સલામ કેવી રીતે અરજ કરીએ, (એટલે અલ્લાહ તરફથી આપે અમને બતાવી દીધું કે અમે તશહહુદમાં "અસ્સલામુ અલૈક અય્યુહન્નબિય્યુ વરહમતુલ્લાહિ વબરકાતુહૂ" કહી આપ પર સલામ મોકલ્યા કરીએ.)

હવે આપ અમને એ પણ બતાવી દો કે અમે આપ પર સલાત (દુરૂદ) કેવી રીતે મોકલીએ ? નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે :

આ પ્રમાણે કહ્યા કરો : અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ અલા આલિ મુહમ્મદીન કમા સલ્લયત અલા ઈબ્રાહીમ વ અલા આલિ ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ્મજીદ, અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદીંવ વ અલા આલિ મુહમ્મદિન કમા બારક–ત અલા ઈબ્રાહીમ વ અલા આલિ ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ્મજીદ. એય અલ્લાહ! તારી ખાસ મહેરબાનીઓ અને રહમતો હઝરત મુહમ્મદ સલ.પર અને આપના ઘરવાળાઓ પર ઉતાર, જેવી કે તેં મહેરબાની અને રહમત હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) પર અને તેમના ઘરવાળાઓ પર ફરમાવી, તું વખાણ લાયક અને મોટાઈ તેમ બુઝૂર્ગી વાળો છે. એય અલ્લાહ! ખાસ બરકતો ઉતાર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)પર અને નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઘરવાળાઓ પર જેવી બરકતો ઉતારી તેં હઝરત ઈબ્રાહીમ (અલૈહિસ્સલામ) ઉપર અને તેમના ઘરવાળાઓ ઉપર. તું વખાણ લાયક અને મોટાઈ તેમ બુઝુર્ગી વાળો છે. (સહીહ બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– જેમ કે "સૂરએ અહઝાબ"ની ઉપરોકત આયતમાં નમાઝ તથા બિન નમાઝનું કોઈ વર્ણન નથી એ જ રીતે કઅબ બિન ઉજરહ (રદિ.)ની આ રિવાયતમાં પણ એનું કોઈ વર્ણન નથી. પરંતુ બીજા સહાબી હઝરત અબૂ મસ્ઉદ અન્સારી બદરી (રદિ.)થી પણ લગભગ એ જ મુજબની એક હદીષ રિવાયત કરવામાં આવી છે. તેની અમૂક રિવાયતોમાં સવાલના શબ્દો આ પ્રમાણે નકલ કરવામાં આવ્યા છે.

"كَيفَ نُصَلِّىْ عَلَيْكَ اِذَا نَحْنُ صَلَّيْنَا عَلَيْكَ فِى صَلوتِنَا ؟ "

અર્થાત :– હઝરત ! જયારે અમે નમાઝમાં આપ પર દુરૂદ પઢીએ તો કેવી રીતે પઢયા કરીએ ?

આ રિવાયતથી સાફ જણાય છે કે સહાબા (રદિ.)નો આ સવાલ નમાઝમાં દુરૂદ શરીફ પઢવા બાબત હતો, અને જેવી એ વાત તેમને ખબર હતી કે દુરૂદ શરીફનું ખાસ સ્થાન નમાઝ છે.

તે સિવાય હાકિમે ''મુસ્તદરક''માં મજબૂત સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)નો ઈર્શાદ વર્ણન કર્યો છે.

''يَتَشَهَّدُ الرَّجُلُ ثُمَّ يُصَلِّىْ عَلَى النَّبِيِّ ثُمَّ يَدْعُوا لِنَفْسِهٖ ''

અર્થાત :– માણસ નમાઝમાં (એટલે છેલ્લા કાયદામાં) તશહહુદ પઢે, ત્યાર પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર દુરૂદ મોકલે, ત્યાર પછી પોતાના માટે દુઆ કરે.

સ્પષ્ટ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ (રદિ.)એ આ વાત હઝરત (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાંભળ્યા પછી જ ફરમાવી હશે, તેઓ પોતાના તરફથી કેવી રીતે કહી શકે છે કે તશહહુદ પછી નમાઝીએ દુરૂદ શરીફ પઢવું જોઈએ.

મતલબ કે બધી વાતો સામે રાખ્યા પછી એ વાત સાફ જાણવા મળે છે કે સૂરએ અહઝાબમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)પર દુરૂદ મોકલવાનો જે હુકમ આપવામાં આવ્યો હતો, તેના વિષે સહાબા (રદિ.)ને ખબર હતી કે એ હુકમનો ખાસ અમલ નમાઝમાં અને તે પણ તેના છેલ્લા ભાગમાં એટલે છેલ્લા કાયદામાં છે. ત્યાર પછી તેઓએ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને પુછયું હતું કે અમે નમાઝમાં આ દુરૂદ શરીફ કેવી રીતે અને કયા શબ્દોમાં પઢીએ? જેથી તેના જ જવાબમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમ) એ દુરૂદે ઈબ્રાહીમી શિખવાડયું, જે અમે નમાઝોમાં પઢીએ છીએ.

### દુરૂદ શરીફમાં 'આલ' શબ્દનો ભાવાર્થ

આ દુરૂદમાં ''આલ''નો શબ્દ ચારવાર આવ્યો છે. એનો અર્થ આપણે ''ઘરવાળા''કર્યો છે. ખરી વાત એ છે કે અરબી ભાષા અને ખાસ કરી કુર્આનની પરિભાષામાં કોઈની ''આલ'' તેને કહેવામાં આવે છે. જે તેની સાથે ખાસ

સંબંધ ધરાવતા હોય.ભલે તે સંબંધ પેઢી અને સગાઈનો હોય (જેમકે તે માણસના બાલ બચ્ચાં) અથવા દોસ્તી અને અકીદત (માન્યતા) અને મહોબ્બત તેમ તાબેદારીનો હોય, (જેમકે તેના મિશનના ખાસ સાથી ચાહકો, ત્થા અનુયાઈઓ,) એટલા માટે અસલ શબ્દકોષના હિસાબે અહીંયા "આલ"ના બંને અર્થ થાય છે. પરંતુ આગળ હઝરત અબૂ હુમૈદ સાઈદી (રદિ.)ની જે હદીષ આવી રહી છે તેનાથી જણાય છે કે અહીંયા "આલ"થી મતલબ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઘરવાળાઓ એટલે પાક બીબીઓ અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નસલ અને અવલાદ જ છે.

(١٦٦) عَنْ اَبِىْ حُمَيْدٍ السَّاعِدِىِّ ؓ قَالَ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ ﷺ كَيْفَ نُصَلِّى عَلَيْكَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ قُوْلُوْا اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ كَمَا صَلَّيْتَ عَلٰى آلِ اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّ اَزْوَاجِهٖ وَذُرِّيَّتِهٖ كَمَا بَارَكْتَ عَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ۔ (رواه البخارى ومسلم)

તરજુમો:– હઝરત અબૂ હુમૈદ સાઈદી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને અરજ કરવામાં આવી કે હઝરત! અમે આપ પર સલાત (દુરૂદ) કેવી રીતે પઢીએ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: અલ્લાહથી આ પ્રમાણે અરજ કરો, "અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ અઝવાજિહિ વ ઝુર્રિય્યાતિહિ" એય અલ્લાહ! તારી ખાસ મહેરબાની અને રહમત ફરમાવ હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર અને આપની પાક બીબીઓ અને આપની અવલાદ પર, જેમકે તે મહેરબાની અને રહમત ફરમાવી આલે ઈબ્રાહીમ (અલૈ.) પર અને ખાસ બરકત ઉતાર હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર અને આપની પાક બીબીઓ અને આપની અવલાદ પર, જેમકે આપે બરકતો ઉતારી આલે ઈબ્રાહીમ (અલૈ.)પર, એય અલ્લાહ! તું બધા વખાણોના લાયક છે. અને મોટાઈ તેમજ બુઝુર્ગી વાળો છે.

ખુલાસો :– આ હદીષમાં દુરૂદ શરીફના જે શબ્દો શિખવવામાં આવ્યા છે તે પહેલી હદીષથી થોડા જુદા છે, પરંતુ ભાવાર્થમાં કોઈ તફાવત નથી,

આલિમો અને ફકીહોએ ખુલાસો કર્યો છે કે એ બંનેમાંથી દરેક દુરૂદ નમાઝમાં પઢી શકાય છે; પરંતુ પહેલા વાળુ વધુ પ્રચલિત છે.

આ હદીષમાં "આલ"ના બદલે "અઝવાજિહી વઝૂર્રિય્યાતિહિ"ના શબ્દો છે. તેનાથી એ વાત લગભગ નક્કી થઈ જાય છે કે પહેલી હદીષમાં જે "આલ"નો શબ્દ આવ્યો છે. તેનાથી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઘરવાળા એટલે પાક બીબીઓ અને પાક અવલાદ મુરાદ છે. અને જેવી રીતે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) સાથે સગાઈ હોવાનું તેમજ જીવનમાં ભાગીદારીની ખાસ ફઝીલત તેમને પ્રાપ્ત છે. (જે બીજાઓને ભલે તે દરજામાં તેમનાથી અફઝલ હોય, પ્રાપ્ત નથી) એવી જ રીતે દુરૂદો સલામમાં ભાગીદારીની ખાસ ફઝીલત પણ અલ્લાહે જ અર્પણ કરી છે. અને એ એમની ખાસ સઆદત અને નેક બખ્તી છે.

એનાથી એ જરૂરી નથી કે આ પાક બીબીઓ વગેરે ઉમ્મતમાં સૌથી અફઝલ હોય એને એવું સમઝવું જોઈએ કે અકીદત અને મહોબ્બત વાળા લોકો જયારે તેમના કોઈ પ્યારા બુઝુર્ગની સેવામાં કોઈ ખાસ ભેટ અર્પણ કરે છે, તો તેમની નઝર સમક્ષ ખાસ તે બુઝુર્ગ અને તેમના ઘરવાળા જ હોય છે. અને નેચરલ રીતે તેઓ એના અભિલાષી હોય છે કે અમારી આ ભેટ જાતે તે બુઝુર્ગ અને તેમના ઘરવાળાઓ જ વાપરે, ભલે તે બુઝુર્ગના દોસ્તો, અથવા ખાદિમોમાં એવા લોકો પણ હશે જેમને આ તોહફા પેશ કરવાવાળા મુહિબ્બીન અને અનુયાયીઓ પણ ઘરવાળાઓથી વધારે અફઝલ સમઝતા હશે.

બસ જેમકે શરૂમાં અરજ કરવામાં આવ્યું કે દુરૂદો સલામ અકીદત અને મહોબ્બતનો તોહફો તેમ તાબેદારીની સોગાત છે. તેને મહોબ્બતના ફિતરી કાયદાના પ્રકાશમાં જ સમઝવો જોઈએ તેના આધારે અફઝલિયત અને મફઝૂલિયત (નિચા હોવું)ની ખાલી વાતો કરવી અને કાયદાની ચર્ચાઓ ઉઠાવવી કોઈ સારી સમઝની વાત નથી.

---

# યહૂદીઓના ત્રણ મોટા ગુનાહો

• મુફતી ફરીદ અહમદ કાવી.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اِنَّ الَّذِیۡنَ یَکۡفُرُوۡنَ بِاٰیٰتِ اللّٰہِ وَیَقۡتُلُوۡنَ النَّبِیّٖنَ بِغَیۡرِ حَقٍّ ۙ وَّیَقۡتُلُوۡنَ الَّذِیۡنَ یَاۡمُرُوۡنَ بِالۡقِسۡطِ مِنَ النَّاسِ ۙ فَبَشِّرۡهُمۡ بِعَذَابٍ اَلِیۡمٍ ﴿۲۱﴾ اُولٰٓئِکَ الَّذِیۡنَ حَبِطَتۡ اَعۡمَالُهُمۡ فِی الدُّنۡیَا وَالۡاٰخِرَۃِ ۫ وَمَا لَهُمۡ مِّنۡ نّٰصِرِیۡنَ ﴿۲۲﴾ اَلَمۡ تَرَ اِلَی الَّذِیۡنَ اُوۡتُوۡا نَصِیۡبًا مِّنَ الۡکِتٰبِ یُدۡعَوۡنَ اِلٰی کِتٰبِ اللّٰہِ لِیَحۡکُمَ بَیۡنَهُمۡ ثُمَّ یَتَوَلّٰی فَرِیۡقٌ مِّنۡهُمۡ وَهُمۡ مُّعۡرِضُوۡنَ ﴿۲۳﴾ ذٰلِکَ بِاَنَّهُمۡ قَالُوۡا لَنۡ تَمَسَّنَا النَّارُ اِلَّاۤ اَیَّامًا مَّعۡدُوۡدٰتٍ ۪ وَغَرَّهُمۡ فِیۡ دِیۡنِهِمۡ مَّا کَانُوۡا یَفۡتَرُوۡنَ ﴿۲۴﴾ فَکَیۡفَ اِذَا جَمَعۡنٰهُمۡ لِیَوۡمٍ لَّا رَیۡبَ فِیۡهِ ۟ وَوُفِّیَتۡ کُلُّ نَفۡسٍ مَّا کَسَبَتۡ وَهُمۡ لَا یُظۡلَمُوۡنَ ﴿۲۵﴾

તરજમહ : બેશક જે લોકો અલ્લાહના હુકમોનો ઈનકાર કરે છે અને નબીઓને નાહક કતલ કરે છે, તેમજ જે લોકો ન્યાયનો હુકમ કરે છે એવા લોકોને પણ કતલ કરે છે, તો એમને (હે નબી સલ.) દર્દભર્યા અઝાબની ખુશખબરી સંભળાવી દો.(૨૧) આ જ તે લોકો છે કે જેઓના બધા કામો દુનિયા અને આખિરતમાં બેકાર થઈ ગયાં છે અકારત ગયાં અને (અઝાબથી બચાવનાર) એમનો કોઈ પણ મદદગાર ન હશે. (૨૨) (હે નબી !) શું આપે તે લોકો તરફ નજર નથી કરી ? જેમને કિતાબ (તવરાત)નો એક (મોટો) ભાગ આપવામાં આવ્યો છે, જેમને અલ્લાહની કિતાબ (તવરાત) તરફ બોલાવવામાં આવે છે, જેથી તે કિતાબ એમના વચ્ચે ફેસલો કરે, ત્યારે તેઓ માંહેનો એક સમુહ કિતાબ તરફે અનદેખી કરીને મોંઢું ફેરવી લે છે (૨૩) આમ એટલા માટે છે કે તેઓનું કહેવું (માનવું) છે કે અમને ગણતરીના અમુક દિવસો સિવાય દોઝખની આગ લાગવાની નથી. આ જે વાતો એમણે ઘડી કાઢી છે, એણે એમને એમના દીન બાબતે ધોકામાં નાખ્યા છે.(૨૪) પણ પછી એમને એવા દિવસે ભેગા કરીશું જેના વિશે કોઈ શંકા નથી, ત્યારે એમના શા હાલ થશે ? અને (તે દિવસે) દરેક વ્યકિતને એની કમાણી પૂરી આપી દેવામાં આવશે અને

લોકો ઉપર ઝુલમ નહીં થાય. (૨૫)

આયત નં : ૨૧ માં યહૂદીઓના પાછલા લોકોના કરતૂતો વર્ણન કરીને પોતાના પૂર્વજોના જ રસ્તે ચાલી રહેલા યહૂદીઓને સંબોધન કરવામાં આવ્યું છે. યહૂદીઓના ત્રણ મોટા ગુનાહો આ આયતમાં વર્ણવવામાં આવ્યા છે. તેઓ અલ્લાહ તઆલાના આદેશો માનતા ન હતા, એટલે કે સદંતર ઈનકાર કરતા હતા. આ ગુનામાં આગળ વધીને અલ્લાહના આદેશો અને હુકમો બતાવનાર નબીઓને જ કતલ કરી દેતા હતા. અને નબીઓ પછી જે કોઈ નબીના રસ્તે ચાલીને ન્યાય અને ઈન્સાફની વાત કરતું તો એને પણ મારી નાખતા હતા. ખુલાસો આ કે પોતાની મનમાની કરવામાં એટલા આગળ વધી ગયા હતા કે કોઈ એમનો વિરોધ કરે એ એમને જરાયે સ્વીકાર્ય ન હતું અને એને રસ્તામાંથી જ હટાવી દેતા હતા. રૂહુલ મઆનીમાં ઈબ્ને અબી હાતિમની રિવાયત મુજબ આ આયતની તફસીરમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતે ફરમાવ્યું છે કે, બની ઈસરાઈલ (યહૂદીઓ) દ્વારા ૪૩ નબીઓને એક જ સમયમાં શહીદ કરી દેવામાં આવ્યા. આ યહૂદીઓને સમજાવવા ખાતર ૧૭૦ બુઝુર્ગો સામે આવ્યા તો એ જ દિવસે એમને પણ શહીદ કરી દેવામાં આવ્યા.

ખુલાસો આ કે સત્ય ન સાંભળવું અને કોઈ બતાવે તો એની વાત માનવાના બદલે રસ્તામાંથી એનો કાંટો કાઢી નાખવો, યહૂદીઓની આદત હતી અને આ જ કારણે એમને અલ્લાહ તઆલા તરફથી ઘણા જ સખત, દુખદાયક અને આકરા અઝાબની ચેતવણી આપવામાં આવી. નબીઓ અને નેક લોકો ધરતી ઉપર ખુદાઈ કાનૂનના રખેવાળ હોય છે, એમનો વિરોધ કરવો અને એમને જ મારી નાખવાનો મતલબ એ છે ગુનેગારો સીધી રીતે ખુદાઈ તંત્રને ચેલેન્જ કરે છે, એટલે આવા લોકોની કોઈ નેકીનો બદલો પણ અલ્લાહ તઆલા પાસે ન જ હોય, કારણ કે તેઓ ખુદાઈ વ્યવસ્થાને માનતા જ નથી. એટલે અલ્લાહ તઆલા ફરમાવે છે કે દુનિયા અને આખિરતમાં એમના બધા કામો વ્યર્થ અને બેકાર છે. કોઈ નેક કામ હશે તો પણ એનો કોઈ સારો બદલો મળશે નહીં. અને જયારે અલ્લાહનો અઝાબ આવશે ત્યારે કોઈ બીજા કોઈ મદદગારની વાત તો દૂર રહી, કોઈ નેકી પણ કામ નહીં આવે.

આયત નં : ૨૩ માં સીધી રીતે તો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમને સંબોધન છે, પણ વાત તો યહૂદીઓને જ કહેવામાં આવી છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : મુહમ્મદ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તમે જૂઓ, આ યહૂદીઓને, એમને પણ અલ્લાહ તઆલાની કિતાબ એટલે કે આદેશો અને માર્ગદર્શનનો એક મોટો ભાગ 'તવરાત' સ્વરૂપે આપવામાં આવ્યો હતો, અને તેઓ પોતાને એ બાબતે આજે પણ ગર્વશાળી સમજે છે, એમને જ આજે અલ્લાહ તઆલાની બીજી કિતાબ એટલે કે બીજા આદેશો માનવા માટેનું કહેવામાં આવે છે, જેથી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વત અને ઈસ્લામની સચ્ચાઈ એમને સમજાય અને તેઓ ઈસ્લામ સ્વીકારે તો મોંઢું ફેરવી લે છે, કોઈ ધ્યાન નથી આપતો.

યહૂદીઓમાં અલ્લાહ તઆલાના હુકમ પ્રત્યે આટલી બધી તુમાખી અને બેનિયાઝી શા માટે હતી અને છે ?

એનો જવાબ પણ આ સ્થાને અલ્લાહ તઆલાએ દર્શાવ્યો છે. યહૂદીઓ એમન માને છે કે અમારા પૂર્વજો અને નબીઓની બરકતથી અમે કંઈ કર્યા વગર ફકત યહૂદી વંશમાં પેદા થવાના કારણે સીધી જન્નતમાં જઈશું. ચાહે ઈમાન અને નેક આમાલ કરીએ કે ન કરીએ. હા, એમના પૂર્વજોમાં અુમક લોકોએ ૪૦ દિવસ એક વાછરડાની પૂજા કરી હતી, એટલે ફકત ૪૦ દિવસ એમને અઝાબ થઈ શકે છે. બાકી કોઈ ગુનાની કોઈ સજા એમને થવાની નથી. આ ખોટી અને મનઘડત માન્યતાએ એમને એવા ફરેબમાં ફસાવી દીધા હતા કે એમને કોઈ પણ હક વાત સમજમાં આવતી ન હતી. પોતાને કોઈ નવી નેકીની જરૂરત છે, એમ તેઓ સમજતા જ ન હતા.

અલ્લાહ તઆલા ફરમાવે છે : પણ આ બધું દુનિયામાં છે ત્યાં સુધી ? અખિરતમાં શું થશે ? આ ઘડી કાઢેલી માન્યતાઓ અને ખોટો વિશ્વાસ ત્યાં કામ નહીં આવે. અલ્લાહ તઆલાએ આયત નં ૨૫ માં એ જ યાદ અપાવ્યું છે. આખિરતના દિવસ ઉપર તેઓને પણ ઈમાન છે, ત્યાં તો દરેકને એના કરેલા કામોનો હિસાબ સવાબ અને અઝાબ સ્વરૂપે પૂરા ન્યાય સહિત, કોઈને પણ અન્યાયન ન થાય એવી રીતે આપવામાં આવશે. આ દિવસે એમનો શો હાલ થશે ? આ બાબત વિચારીને આત્મ મંથન કરવાની તાકીદ આ આયતમાં કરવામાં આવી છે.

---

# ઝકાત માલદારોનું કોઈ એહસાન નથી.

## આ માલ પાક, પવિત્ર અને ગરીબોનો હક છે.

---

અલ્લાહ તઆલાએ ઈન્સાન અને જાનવર, બધી જ મખ્લૂકને રોઝી આપવાનો વાયદો કર્યો છે. આ વાયદો કરવા છતાં અલ્લાહ તઆલાએ પોતાની હિકમત અને મસ્લેહત મુજબ લોકોને અમીર અને ગરીબનો ફરક ન રહે એવી રીતે રોઝી અને માલમાં સરખા નથી બનાવ્યા. આમ દરેકને સરખા ન રાખવામાં માણસની કસોટી, કેળવણી ઉપરાંત સૃષ્ટિના સંચાલનને લગતી સેંકડો હિકમતો અને ફાયદાઓ છે, અત્રે એની વિગત દર્શાવવાનો મોકો નથી. એ બધી હિકમતોને સામે રાખીને જ કોઈને માલદાર બનાવ્યો તો કોઈને ગરીબ. અને બધાને રોઝી પહોંચાડવાના પોતાના વાયદા મુજબ ગરીબની રોઝી માટે માલદારના માલમાં અલ્લાહ તઆલાએ ગરીબનો હક અને હિસ્સો નક્કી કરી દીધો.

કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

وَ فِيۡ أَمۡوَالِهِمۡ حَقٌّ لِلسَّائِلِ وَ الۡمَحۡرُوۡمِ

માલદારોના માલમાં માંગનારા અને મોહતાજ લોકોનો એક નક્કી હિસ્સો છે.

એનો સાફ મતલબ આ જ છે કે માલદારોને ઝકાત અને સદકહનો જે હુકમ આપવામાં આવ્યો છે, અને એ મુજબ તેઓ ઝકાત કે સદકહ ગરીબોને આપે છે તો એમાં એમનું કોઈ એહસાન નથી, બલકે એ માલ તો ગરીબોનો જ હક છે, જે એમના સુધી પહોંચાડવાની ફરજ પણ માલદારોના માથે છે.

ઝકાત વિશેના કુરઆની હુકમોથી બીજી વાત એ સ્પષ્ટ થાય છે કે, ઝકાત સ્વરૂપે ગરીબોનો જે હક માલદારોના માલમાં રાખવામાં આવ્યો છે એની મિકદાર અને માત્રા પણ નક્કી છે. કોઈને એમાં વધારો – ઘટાડો

કરવાનો અધિકાર નથી. ગરીબો વધારે માંગીને માલદારોને નુકસાન ન કરી શકે અને માલદારો ઓછી ઝકાત આપીને ગરીબોનો હક નથી મારી શકતા. અને રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આદેશ ફરમાવ્યો કે,

લોકો સામે ઝકાતની મિકદારનું સ્પષ્ટ વર્ણન કરી દયો. એટલે જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઘણી જ ચીવટ અને તકેદારીથી કેટલી ઝકાત કાઢવામાં આવે એનું સ્પષ્ટ વર્ણન ફરમાવ્યું. અને એ માટે ઝબાની હુકમ આપવાની સાથે ફરમાનો અને આદેશો લખાવીને પણ હઝરત ફારુકે આઝમ રદિ. અને હઝરત અમ્ર બિન હઝમ રદિ.ને આપ્યા. (મઆરિફુલ કુરઆન : ૩/૩૯૩–૩૯૪)

એક હદીસ શરીફમાં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે 'ઝકાત'ને માલદારોના માલનો મેલ ફરમાવ્યો છે. એટલે કે જયાં સુધી માલદારો એમના માલમાંથી ઝકાત નહીં કાઢે એમનો માલ મેલો રહેશે અને ઝકાત કાઢશે તો બાકીનો માલ પાક થઈ જશે અને જે માલ ઝકાત સ્વરૂપે કાઢવામાં આવ્યો છે, એ મેલ ગણાય. આ હદીસથી કંઈક અંશે એવું માલૂમ પડે છે કે ગરીબ માણસને ઝકાત સ્વરૂપે આપવામાં આવતી રકમ માલદારોના માલમાંથી નીકળેલો મેલ છે, આમ આ માલ સારો અને પવિત્ર માલ ન કહેવાય. અને આવું સમજીને જ ઘણા ગરીબ લોકો હકદાર હોવા છતાં ઝકાતની રકમ લેવામાં આનાકાની કરે છે, એમાં શરમ અને સંકોચ અનુભવે છે, પોતાનું અપમાન સમજે છે અથવા એનાથી દૂર રહે છે.

પરંતુ ઝકાતના સાચા હકદાર હોય એવા ગરીબે આવું વિચારવું ખોટું છે. આવું વિચારીને ઝકાતથી દૂર ભાગવું અને જાણી જોઈને તકલીફમાં પડવું, તંગી અને મુસીબતો ઉઠાવવી સારી બાબત નથી.

ઝકાતની રકમ જયાં સુધી માલદારના માલમાં છે, એ માલદાર માટે મેલ અને ખરાબ માલ છે, જેના કારણે એનો પૂરો માલ મેલો ગણાય છે,

પણ આ જ રકમ ગરીબ માટે સંપૂર્ણ હલાલ અને પાક માલ છે અને એમાં કોઈ ખરાબી નથી, બલકે એ ગરીબના હકનો જ માલ છે. માલદાર માણસ ગરીબના હકની ઝકાતની રકમ દબાવીને બેસી રહે તો એ રકમ માલદાર માટે હરામ છે અને એને 'મેલ' કહેવામાં આવે તો એમાં કંઈ ખોટું નથી. આવો જ હુકમ દરેક હરામ માલ વિશે છે. કોઈનો લુટેલો માલ લુટારા પાસે હરામ કહેવાશે પણ એ રકમ એના હકદાર અને માલિક માટે સંપૂર્ણ રીતે હલાલ અને પાક છે.

અલ્લામહ ઈબ્ને અરબી રહ. લખે છે : એક વસ્તુ કોઈ એક માણસ માટે હલાલ અને બીજા માટે હરામ હોય એવું બની શકે છે, બલકે એક જ માણસ માટે અમુક સંજોગોમાં એક વસ્તુ હલાલ અને બીજી સ્થિતિમાં હરામ હોય એવું પણ બને છે. આ જ પ્રમાણે ઝકાતનો માલ માલદારો માટે માલનો મેલ છે, અને ગરીબો માટે તો અલ્લાહ તઆલાએ આપેલ હલાલ અને પાક રોઝી છે.

એક હદીસમાં તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે કે,

માલદાર જે માલ ગરીબના હાથમાં આપે છે એ અલ્લાહના હાથમાં આપે છે એમ સમજો. (અલ કબસ ફી શર્હિ મુઅત્તા :૧/૪૫૩ ) જો આ માલમાં કોઈ ખરાબી હોત તો એ માલ અલ્લાહના હાથને લાયક ન ગણવામાં આવત.

એટલે જ ઝકાત વિશે હુકમ છે કે ફકત મુસલમાનને જ આપી શકાય છે અને એમાં પણ સૌપ્રથમ પોતાના ગરીબ સગાઓને આપવામાં આવે. જો એમાં કંઈ મેલ અને ખરાબી હોત તો મુસલમાન અને માણસના સગાઓને આપવાનો આદેશ ન હોત.

ફિકહની મોતબર કિતાબ હિદાયહમાં છે કે, ઝકાત તો માલદારોના માલમાં અલ્લાહનો હક છે. અને ગરીબીના કારણે ગરીબોને અલ્લાહ તઆલાએ પોતાનો આ હક વાપરવાના હકદાર ઠેરવ્યા છે. (હિદાયહ, ભાગ : ૧)

અલ્લાહ તઆલાની અજીબ હિકમતો છે. દરેકને રોઝી પહોંચાડવી

અલ્લાહ તઆલાનો વાયદો છે અને એમાં માલદારોને માલ આપીને ગરીબો સુધી રોઝી પહોંચાડવામાં અલ્લાહ તઆલાએ એમને પોતાના નાયબ બનાવ્યા છે તો ગરીબોને પોતાના હકનો માલ વાપરવા માટે પોતાના નાયબ બનાવ્યા છે.

સાચી વાત આ છે કે બધો જ માલ અલ્લાહ તઆલાનો છે, પોતાના જ એક હાથમાંથી લઈને પોતાના જ બીજા હાથમાં મુકે છે. માલ માલદાર પાસે હતો ત્યારે પણ અલ્લાહનો જ હતો અને ગરીબ પાસે આવીને પણ એ અલ્લાહનો જ માલ છે. ઈબ્ને અરબી રહ. ફરમાવે છે આપનારનો ઉપરનો હાથ પણ અલ્લાહનો છે અને લેનારનો નીચેનો હાથ પણ અલ્લાહનો છે. કારણ કે આપનાર અને લેનાર બન્ને અલ્લાહના હુકમ મુજબ અમલ કરી રહયા છે. (અલ કબસ ફી શર્હિ મુઅત્તા : ૧/૪૫૩)

ખુલાસો આ કે 'ઝકાત' શરીઅતે માલદારોના માલમાં નક્કી કરેલ અલ્લાહ તઆલાનો હક છે, જેને વસૂલ કરવા માટે અલ્લાહ તઆલાએ ગરીબોને પોતાના નાયબ બનાવ્યા છે. માલદાર માણસ માટે આ મોટા સન્માનની વાત કહેવાય કે અલ્લાહ તઆલાએ એને માલદાર બનાવ્યો અને પછી એ માલમાં પોતાનો હક નક્કી ફરમાવ્યો. ગરીબ માટે પણ આ મોટી સઆદતની વાત કહેવાય કે અલ્લાહ તઆલાએ પોતાનો હક વસૂલ કરવા અને વાપરવા એને પોતાનો નાયબ બનાવ્યો.

---

## જામિઅહમાં ખત્મે બુખારી શરીફનો જલ્સો તા. ૮ એપ્રિલ ૨૦૧૮ રવિવારે યોજાશે.

જેમાં હઝરત મવલાના ઈબ્રાહીમ દેવલા સા. દા.બ. હાજરજનોને નસીહત – વઅઝ ફરમાવશે અને જામિઅહના શૈખુલ હદીસ મવલાના મુફતી અસ્જદ દેવલા સાહેબ બુખારી શરીફનો છેલ્લો સબક પઢાવશે.

***મુસલમાન બિરાદરોને મોટી સંખ્યામાં હાજર રહેવાની દરખાસ્ત***

# ઇદારહ મબાહિસે ફિકહીય્યહ

**ના ત્રિદિવસીય ફિકહી ઇજતેમામાં વિવિધ ફિકહી મસ્અલાઓ બાબતે નક્કી કરવામાં આવેલ**

# શરઈ હુકમ અને ઠરાવો

*જામિઅહમાં ગત મહીને ૨૧–૨૩ ફેબ્રુઆરી ૨૦૧૮ ત્રણ દિવસીય ફિકહી ઈજતેમા યોજાયો હતો, એની ટુંકી રીપોર્ટ ગયા મહીને અમે આપી ચુકયા છે. આ ઈજતેમા અને સંમેલનમાં મહત્વના ચાર વિષયોની ચર્ચા કરવામાં આવી હતી ટેસ્ટ ટયુબ બેબી, .લાંબાગાળાની ઓદ્યોગિક લોનની ઝકાત, .કોઈના પ્રાણ બચાવવા લોહી આપવા માટે રોઝો તોડવા અને .હુરમતે મુસાહરત સંબંધી અમુક મસ્અલાઓ. ચારેવ વિષયો ઉપર સઘળી ચર્ચાના અંતે કુરઆન, હદીસ અને ફિકહ આધારિત હુકમ નક્કી કરીને જે ઠરાવો પાસ કરવામાં આવ્યા એ નીચે મુજબ છે.*

**(૧) ટેસ્ટ ટયૂબ બેબીની પદ્ધતિની વિવિધ રીતો વિશે શરીઅતનો હુકમ અને આવી રીતે મેળવવામાં આવતા બાળકના વંશ - નસબ બાબત શરઈ માર્ગદર્શન**

આધુનિક વિશ્વ અને આધુનિક વિજ્ઞાન દ્વારા ઉદભવેલા પ્રશ્નોમાં એક મહત્વનો પ્રશ્ન ટેસ્ટ ટયુબ બેબી, (in vitro fertilization, IVF, કુત્રિમ ગર્ભાધાન) દ્વારા જન્મ લેતા બાળકના માતા – પિતા નક્કી કરવાનો પણ છે.

મબાહિસે ફિકહિય્યહના ૧૪ માં ઈજતેમામાં આ બાબતે શરઈ દષ્ટિકોણની ચર્ચા કરીને જે શરઈ હુકમ બાબત જે નિર્ણયો કરવામાં આવ્યા તે નીચે મુજબ છે.

અલ્લાદ અલ્લાહ તઆલાની મોટી નેઅમત છે, એમાં કોઈ શંકા નથી. અને અવલાદ મેળવવા માટે જાઈઝ રીતો અપનાવવાની શરીઅતને

પ્રોત્સાહન આપે છે. પરંતુ અવલાદ મેળવવા માટે સૃષ્ટિના સર્જનહારે ગોઠવેલી પ્રકૃતિ અને કુદરતી વ્યવસ્થાથી વિરુદ્ધના રસ્તા અપનાવવા દુરુસ્ત નથી. આમ કરવાથી સગાઈ અને રિશ્તેદારીઓ, પછી એ આધારે અન્ય બાબતોમાં ગુંચવણ ઉભી થાય છે. વર્તમાનમાં પ્રચલિત સરોગેટ મધરની રીત – પ્રથા તો દેખીતી રીતે જ બેહયાઈ અને પ્રકૃતિથી બગાવત સમાન છે. ઈસ્લામ અને કોઈ પણ સભ્ય સમાજ એનું સમર્થન નથી કરતો. સાચી વાત આ છે કે એમાં 'નારી'નું ભારોભાર અપમાન છે. આ રીત અપનાવવાનો મતલબ જ આ છે કે સ્ત્રીની હેસિયત બાળકો પેદા કરવાનું મશીન જેવી છે.

ઈસ્લામમમાં કોટુંબિક સંબંધો, વંશ,નસબ અને રિશ્તેદારીઓનું ઘણું મહત્વ છે. આ બાબતે કુરઆન અને હદીસમાં સ્પષ્ટ આદેશો અને નિર્દેશો બતાવવામાં આવ્યા છે. કોટુંબિક સંબંધોમાં પણ ફકત રિશ્તેદારી ઉપરાંત એકબીજાના ભરણપોષણ, વારસા વહેંચણી, શાદીની મનાઈ વગેરે અનેક શરઈ હુકમોની બુનિયાદ આ સંબંધોની હેસિયત ઉપર જ છે.

સૈદ્ધાંતિક રીતે બાળક મેળવવા માટેની કુત્રિમ પદ્ધતિને ઈસ્લામનું સમર્થન નથી, અને એના માટે અપનાવવામાં આવતી ઘણી બધી રીતો સ્પષ્ટ રીતે હરામ છે. આમ છતાં આવી રીતે કોઈ બાળક મેળવવામાં આવે તો એની કોટુંબિક સગાઈ (નસબ) અને વંશ વારસોના હુકમો નીચે મુજબ રહેશે.

(૧) પતિ – પત્નિ એમના શુક્રાણુઓને કુત્રિમ ગર્ભાશયમાં મુકે અને બાળક બનવાની બધા તબક્કાઓ રીતે ટયૂબમાં જ પૂરા થાય અને ટયૂબ દ્વારા જ બાળક બહાર આવે તો આ શકલમાં આ પતિ – પત્નિ જ આ બાળકના માતા પિતા ગણાશે.

નોંધ : વૈજ્ઞાનિક રીતે આવી કોઈ રીત હાલમાં અસ્તિત્વમાં નથી, અલબત્ત ભવિષ્યમાં આવી રીત આવી શકે એ આધારે આ હુકમ લખવામાં આવ્યો છે.

(૨) પતિ – પત્નિના શુક્રાણુઓને શરીરની બહાર મુકીને ફલિત –

વિકસિત કરીને પછી આગળના વિકાસ માટે પત્નિના જ ગર્ભાશયમાં મુકવામાં આવે અને પછી કુદરતી રીતે પત્નિના ગર્ભાશય દ્વારા જ બાળક મેળવવામાં આવે તો આ શકલમાં પણ બાળકનો વંશ આ પતિ – પત્નિ સાથે જ જોડવામાં આવશે એટલે કે તેઓ જ આ બાળકના માતા – પિતા ગણાશે.

(૩) કોઈ વ્યકિત એના શુક્રાણુઓને પરાયી સ્ત્રીના શુક્રાણુઓ સાથે મિલાવીને વિકસીત કરે અને પછી પોતાના પત્નિના ગર્ભમાં મુકે અને પછી પત્નિ ગર્ભથી જ બાળકનો જન્મ થાય એવી રીતે અપનાવે, તો શરઈ રીતે આમ કરવું હરામ અને નાજાઈઝ છે, પણ આવી રીતે જે બાળક પેદા થશે એનો વંશ – નસબ પતિ – પત્નિ સાથે જ જોડાશે. જે પરાયી સ્ત્રીના શુક્રાણુ – બીજ વાપરવામાં આવ્યા છે, એની સાથે વંશ – નસબનો કોઈ સંબંધ ગણવામાં નહીં આવે. પણ આ સ્ત્રી સાથે પુરુષના શુક્રાણુઓ મળવાના કારણે બન્ને વચ્ચે ઝીના થયો હોય એવો સંબંધ માનીને બન્ને વચ્ચે 'હુરમતે મુસાહરત'નો નિયમ લાગુ પડશે. એટલે કે એકબીજા અમુક સગાઓ બન્ને ઉપર હરામ ઠરશે.

(૪) કોઈ માણસના શુક્રાણુઓમાં ખામી હોય અને પરિણામે ગર્ભ ન રહેતો હોય એટલે આવો માણસ કોઈ બીજા વ્યકિતના બીજ અને શુક્રાણુઓને પોતાની પત્નિના શુક્રાણુઓ સાથે મિલાવીને શરીરની બહાર વિકસિત કરીને પછી પોતાની પત્નિના ગર્ભમાં મુકી દે, અને પત્નિના ગર્ભ થકી જ બાળકનો જન્મ થાય, એવી રીત અપનાવવી પણ હરામ છે, પરંતુ આમ છતાં કોઈ માણસ આવી રીત અપનાવે તો પત્નિના ગર્ભથી જ બાળકનો જન્મ થયો છે એટલે આ પતિ – પત્નિ જ બાળકના માતા – પિતા કહેવાશે. અને જે પરાયા પુરુષના બીજ – શુક્રાણુઓ વાપરવામાં આવ્યા છે, એની સાથે વંશ કે નસબનો સંબંધ ગણાશે નહીં, પરંતુ પરાયા પુરુષ સાથે ઝીના થયો હોય એવો સંબંધ માનીને બન્ને વચ્ચે 'હુરમતે મુસાહરત'નો નિયમ લાગુ પડશે. એટલે કે એકબીજા અમુક સગાઓ બન્ને ઉપર હરામ ઠરશે.

(૫) કોઈ માણસની પત્નિના ગર્ભાશયમાં ખામી હોવાથી ગર્ભ ન રહેતો હોય એવી સ્થિતિમાં પતિ – પત્નિના શુક્રાણુઓ શરીરની બહાર વિકસિત કરીને પછી કોઈ બીજી પરાયી સ્ત્રીના ગર્ભમાં મુકવામાં આવે અને એ પરાયી સ્ત્રીના ગર્ભથી જ બાળકનો જન્મ થાય તો આવી રીત અપનાવવી પણ હરામ અને નિર્લજ્જ રીત છે. આવી રીતે જન્મનાર બાળકનો વંશ – નસબ એ જન્મ આપનાર સ્ત્રી સાથે જ જોડાશે. અને આ પરાયી સ્ત્રી કોઈની પત્નિ છે તો એનો પતિ પણ સ્ત્રીના કુખે જન્મનાર બાળકનો પિતા ગણાશે. જે પતિ – પત્નિના શુક્રાણુઓ દ્વારા ગર્ભમાં બાળકનો ઉછેર થયો છે એમની સાથે બાળકનો વંશ – નસબ નહીં જોડાય, એટલે કે તેઓ બાળકના માતા – પિતા નહીં ગણાય. પરંતુ 'હુરમતે મુસાહરત'નો નિયમ લાગુ પડશે. એટલે કે એકબીજા અમુક સગાઓ બન્ને ઉપર હરામ ઠરશે.

(૬) કોઈ માણસ બે પરાયા સ્ત્રી પુરુષના શુક્રાણુઓ વિકસિત કરીને પોતાની પત્નિના ગર્ભમાં મુકીને એના થકી બાળક મેળવે તો આવું કરવું પણ હરામ છે, આમ છતાં આવી રીતે જે બાળક પેદા થશે એનો વંશ – નસબ પતિ – પત્નિ સાથે જ જોડાશે. જે પરાયા સ્ત્રી પુરુષના શુક્રાણુ – બીજ વાપરવામાં આવ્યા છે, એમની સાથે વંશ – નસબનો કોઈ સંબંધ ગણવામાં નહીં આવે. પણ એ બન્ને સાથે 'હુરમતે મુસાહરત'નો નિયમ લાગુ પડશે. એટલે કે એકબીજા અમુક સગાઓ બન્ને ઉપર હરામ ઠરશે.

(૭) કોઈ માણસ પોતાની બે પત્નિઓમાંથી એકના શુક્રાણુઓ પોતાના શુક્રાણુઓ સાથે મિલાવીને શરીરની બહાર વિકસિત કરીને પછી બીજી પત્નિના ગર્ભમાં મુકે અને પછી એના ગર્ભથી જ બાળકનો જન્મ થાય તો આમ કરવું પણ હરામ અને નાજાઈઝ છે, છતાં કોઈ આવું કરે તો આ પિતા તરીકે તો એ માણસ સાથે જ એનું નસબ ગણાશે અને જે સ્ત્રીના ગર્ભથી બાળકનો જન્મ થયો છે એ સ્ત્રી આ બાળકની સગી માં કહેવાશે. શોહરની જે બીજી સ્ત્રીના શુક્રાણુઓ લેવામાં આવ્યા છે, એની સાથે સાથે

'હુરમતે મુસાહરત'નો નિયમ લાગુ પડશે.

## લાંબા ગાળાની ઓદ્યોગિક લોન (કરજ)માં ઝકાતનો હુકમ

ઈદારતુલ મબાહિસિલ ફિકહીય્યહ જમીઅતે ઉલમાએ હિન્દનો આ ઈજતેમા ભારતીય મુસલમાનોને અપીલ કરે છે કે વ્યાજુ કરજ લેવાથી શકય હોય ત્યાં સુધી બચવું જરૂરી છે. આમ છતાં કોઈ માણસે કાયદાકીય મજબૂરીના લઈને અથવા બીજી કોઈ જરૂરતના કારણે સરકારી અથવા બિનસરકારી સંસ્થાનો પાસેથી લાંબા ગાળાની વેપારી લોન (કરજ) લીધી હોય તો આવી સ્થિતિમાં આ માણસ ઝકાત અદા કરતી વેળા એની જમા પુંજીમાં ઝકાતના નિસાબનો હિસાબ ગણતી વેળા ફકત એક વરસના હપ્તાની રકમ જ બાદ કરે, અને બાકીની પૂંજી અને મિલ્કત ઝકાતના નિસાબ જેટલી હોય તો એના ઉપર ઝકાત વાજિબ થશે.

આ નિર્ણય બાબતે નીચે જણાવેલ મુફતીઓ સહમત નથી. એમનું મંતવ્ય છે કે, માણસના માથે જેટલું દેવું હોય એ બધું બાદ કર્યા પછી જ જે કંઈ જમા મિલ્કત હોય એ આધારે ઝકાતના નિસાબની ગણતરી કરવામાં આવે. (૧) મુફતી મુહમ્મદ લુકમાન સા. મુરાદાબાદ. (૨) મુફતી ફખ્ર આલમ નોમાની સા. બેગૂસરાઈ, બિહાર. (૩) મુફતી ઈશ્તીયાક અહમદ. દારૂલ ઉલૂમ દેવબંદ (૪) મુફતી મુઝઝમ્મિલ સા. દારૂલ ઉલૂમ દેવબંદ.

નોંધ : હનફી ફિકહનો નિયમ છે કે માણસ ઉપર જેટલું દેવું હોય એ બાદ કરીને જે બચે એ માલ જો 'નિસાબ' જેટલો હોય તો ઝકાત વાજિબ થાય છે, કોઈ માણસ પાસે ઘણો બધો માલ હોય પણ માથે એટલું બધું દેવું હોય કે એને બાદ કરતાં એની પાસે નિસાબ જેટલો માલ નથી વધતો, તો આવા માણસ ઉપર ઝકાત વાજિબ નથી થતી. આજકાલ મોટા બિઝનેસમેન લોકો કરોડો રૂપિયાનું લાંબા ગાળાનું કરજ લે છે, જે વરસો સુધી સરળ હપ્તેથી ચુકવવાનું હોય છે. આવા માલદારોના માથે આવા વેપારી દેવાઓ ગણવામાં આવે તો એટલા બધા હોય છે કે એના હાથમાં જમા હોય એ બધો માલ દેવામાં ખપી જાય. પણ આ દેવું સરળ હપ્તેથી ચુકવવાનું હોય છે એટલે એમના માથે કોઈ ફિકર નથી હોતી. આવા લોકો

દેવાદાર હોવા છતાં માલદારીનું જીવન જીવે છે, એમના ઉપર ઝકાત વાજિબ થવા માટે દેવું બાદ કરવાનો નિયમ ઉપર મુજબ લાગુ કરવામાં આવે તો મોટા માલદાર હોવા છતાં એમના ઉપર ઝકાત વાજિબ નથી થતી. માટે એમના માલમાંથી ફકત એક વરસના હપ્તાની રકમ બાદ કરીને બીજા બધા માલ ઉપર ઝકાત વાજિબ થશે.

## *બીમારના પ્રાણ બચાવવા માટે લોહી આપવું પડે અને એના કારણે રોઝો તોડવો.*

ઈદારતુલ મબાહિસિલ ફિકહીય્યહ જમીઅતે ઉલમાએ હિન્દનો આ ઈજતેમા સહુપ્રથમ સ્પષ્ટતા કરે છે કે માનવીય પ્રાણની હિફાજત માટે શકય એટલા પ્રયત્નો કરવા દરેક મુસલમાનની નૈતિક – અખ્લાકી જવાબદારી છે.

આ જ અનુસંધાને પ્રશ્ન ઉદભવે છે કે કોઈ બીમારીની જાન બચાવવા માટે લોહી આપવું પડે અને લોહી આપવા માટે રોઝો પણ તોડવો અનિવાર્ય થઈ જાય (જેમ કે ડોકટર એના નિયમ મુજબ પ્રથમ કોઈ દવા કે ટોનિક લેવાની ફરજ પાડે) તો આવી સ્થિતિમાં રોઝો તોડવાની ગુંજાઈશ છે અને આમ રોઝો તોડવાથી ફકત એ રોઝાની કઝા કરવાની રહેશે. કફફારો વાજિબ નથી.

નોટ : મવલાના બુરહાનુદ્દીન સંભલી સા. દા.બ.નું મંતવ્ય છે કે આ સૂરતમાં રોઝાની કઝા અને કફફારો પણ આપવો પડશે.

## *'હુરમતે મુસાહરત' ને લગતા અમુક વિશેષ મસ્અલાઓ*

૧૪ મા ફિકહી ઈજતેમાનો એક મહત્વનો પ્રશ્ન 'હુરમતે મુસાહરત' ને લગતા અમુક વિશેષ મસ્અલાઓ બાબતે પણ હતો. હુરમતે મુસાહરતનો મતલબ આ છે કે જેમ નિકાહ દ્વારા સાસરી પક્ષે સગાઈના સંબંધ બંધાય છે અને સાસુ – સસરા વગેરે સાથે નિકાહ હરામ ઠરે છે, એવી જ રીતે ઝીના કરવાના કારણે અને શહવત સાથે અડવા, પકડવા કે બોસો દેવા જેવા બીજા અમુક હરામ કામોના કારણે પણ બન્ને ગુનેગારોના માં – બાપ અને અમુક સગાઓ એક બીજાઓ ઉપર હરામ ઠરે છે.

આજકાલ ઘણીવાર એક જ ઘરમાં સસરા – વહુ કે જમાઈ – સાસુ વગેરે વચ્ચે અથવા બાપ – દીકરી વચ્ચે પણ જાણે કે અજાણે શહવત સાથે અડવા – પકડવા કે એનાથી આગળનું કંઈક થઈ જાય છે. આવી સ્થિતિમાં સંબંધો હરામ ઠેરવવામાં આવે તો અમુક સંજોગોમાં ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય છે. જેમ કે કોઈ નરાધમ બાપ એની દીકરી સાથે મોં કાળુ કરે કે શહવત સાથે બોસો આપે તો દીકરીની માં એટલે કે એની બીવી પણ એના ઉપર હરામ થઈ જાય છે. આવી સ્થિતિમાં બીવીએ કે બાળકોએ ઘણી તકલીફ ભોગવવાની આવે છે અને કુટુંબ પણ ભાંગી પડે છે. હનફી ફિકહ સિવાય શાફેઈ અને અન્ય ફિકહમાં હુકમ આ છે કે આમ કરવું બાપ માટે હરામ છે પણ એમ કરવાથી આ દીકરી એની પત્નિ નથી બની જતી અને દીકરીની માં એટલે કે પત્નિ પણ હરામ નહીં થાય. આજના સંજોગોમાં આવી કોઈ ઘટના ઘટે અને હનફી ફિકહ પ્રમાણે સંબંધો હરામ થવાનો હુકમ લગાવવામાં મોટી પરેશાની ઉભી થવાનો ખતરો હોય તો શું શાફેઈ ફિકહ પ્રમાણે હુકમ લગાવી શકાય અને વિવિધ સૂરતોમાં શું હુકમ હોય શકે છે ?

ઉપરોકત સમજણ પછી આ ઈજતેમામાં આવા પ્રશ્નો બાબતે જે શરઈ હુકમ નક્કી કરવામાં આવ્યા એ નીચે મુજબ છે :

(૧) 'હુરમતે મુસાહરત'ને લગતા મસ્અલાઓ ઘણા જ નાઝુક અને સંવેદનશીલ છે. ઘણા ખરા લોકો આવા મસ્અલા અને શરીઅતના હુકમથી વાકેફ નથી હોતા. માટે ઉલમાને અપીલ કરવામાં આવે છે કે આવા મસ્અલાઓ બાબતે લોકોને વાકેફ કરે અને લોકોને એનું મહત્વ પણ સમજાવે.

(૨) આજના ઈજતેમામાં શરીક થનાર ઉલમા આ બાબતે પણ સહમત છે કે જેમ જાઈઝ નિકાહ અને જાઈઝ હમબિસ્તરીના કારણે 'હુરમતે મુસાહરત' (પતિ – પત્નિ અને એમના સગાઓ ઉપર એકબીજાના સાસરીયાના અમુક સગાઓ હરામ હોવા) નો હુકમ લાગુ પડે છે, એવી જ રીતે ઝીના કરવાથી પણ (બન્ને ગુનેગારો અને એમના

સગાઓ ઉપર એકબીજાના સાસરીયાના અમુક સગાઓ હરામ હોવા)નો કાયમી હુકમ લાગુ પડે છે.

(૩) શહવત સાથે કોઈ સ્ત્રીને અડવા – પકડવા અથવા બોસો આપવાથી પણ 'હુરમતે મુસાહરત'નો હુકમ ઉપર મુજબ લાગુ પડે છે. હનફી ફિકહનો આ હુકમ મજબૂત શરઈ દલીલો આધારિત છે.

(૪) આમ છતાં શહવત સાથે કોઈ સ્ત્રીને અડવા – પકડવાની કોઈ એવી ઘટના ઘટે જેમાં ઉપર મુજબ 'હુરમતે મુસાહરત'નો હુકમ લાગુ કરવામાં અસમાન્ય પરેશાનીઓ ઉભી થવાનો ખતરો હોય તો આવી સ્થિતિમાં સંજોગોને અનુલક્ષીને કોઈ મુફતી હનફી મસ્લક સિવાય બીજા ફિકહી મઝહબ પ્રમાણે ફતવો આપી શકે છે કે નહીં ? આ વિષયે બન્ને પ્રકારના મંતવ્યો સામે આવ્યા, અલબત્ત કોઈ એક મંતવ્ય બાબતે સહમતી બની શકી નહીં.

(૫) (યોગ્ય ઉમરની સ્ત્રી કે છોકરીને) ચહેરા ઉપર બોસો આપવાથી સામાન્ય રીતે શહવતનો ખતરો હોય છે, માટે એનાથી બચવું જ બેહતર છે. આમ છતાં કોઈ સમાજ કે કોમ્યુનિટીમાં અમુક વિશેષ તહેવારો, પ્રસંગોએ બાપ – બેટી કે માં – બેટા અથવા (પરસ્પર નિકાહ ન થઈ શકે એવા) નિકટના સગાઓ વચ્ચે ચહેરા ઉપર જાહેરમાં ચુંબન આપવાનો રિવાજ હોય તો આવી સ્થિતિમાં જયાં સુધી કોઈ એક તરફે શહવત હોવાનો એકરાર કે ખાતરી ન થઈ જાય, 'હુરમતે મુસાહરત'નો હુકમ લગાવવામાં આવશે નહીં.

નોટ : મવલાના કલીમુલ્લાહ ઉમરી મદની સા. હનફી નથી, એટલે એમણે આ મસ્અલાના બીજા અને ત્રીજા પેરેગ્રાફમાં દર્શાવવામાં આવેલ હુકમ બાબતે અસહમતિ દર્શાવી છે.

*– ગુજરાતી અનુવાદ : મુફતી ફરીદ અહમદ કાવી.*
*મુદર્રિસ : જામિઅહ જંબુસર.*

# સાચી માનવતા અને એનો સ્ત્રોત

• ફરીદ અહમદ કાવી.

વિશ્વમાં કયાંક ભુખમરો છે તો કયાંક હત્યા – લુંટમારની સ્થિતિ. કયાંક બેરોજગારી છે તો કયાંક અય્યાશી. આખું વિશ્વ આ સમસ્યાઓના ઉકેલ માટે વલખાં મારી રહયું છે. સરકારો પ્રોજેકટ શરૂ કરે છે. સ્કીમો લાગુ કરે છે આયોજનો કરે છે અને લક્ષ્યો નક્કી કરે છે, પણ સમસ્યાઓ હલ થતી નથી. સમસ્યાઓ હલ કરવા કાવાદાવા અને નાજાઈઝ કરતૂતો પણ કરે છે, આંકડાઓ ખોટા દર્શાવે છે, માપદંડો બદલામાં આવે છે, સબસીડી આપવામાં આવે છે, અને કયાંક તો સમસ્યાનું મુળ ઉખેડવાના બહાને આયોજનબદ્ધ રીતે સરકારો ઉથલાવવામાં આવે છે, લોકોની હત્યાઓ કરીને વસતી ઘટાડવાના પણ પ્રયત્નો કરવામાં આવે છે.

આમ છતાં સમસ્યાઓ ઉભી ને ઉભી જ છે.

શા માટે ? હકીકત આ છે કે આપણને જે દેખાય છે એ આપણી સમસ્યા નથી, એ તો મુળ સમસ્યાની નકારાત્મક અસરો છે. મુળ સમસ્યા વર્તમાનના માનવીમાંથી નીકળી ગયેલી માનવતાની છે. આજના માનવી માનવતાથી ખાલી છે. માનવીય લાગણીઓ અને સંસ્કારો, આદર્શો અને મુલ્યો ખતમ થઈ ગયા છે. સ્વાર્થ અને ભૌતિકતા આવી ગઈ છે. અંગત હિત, જૂથવાદ, લાલચ, અદેખાય જેવા અમાનવીય સંસ્કારો માણસમાં આવી ગયા છે. વર્તમાનની પરિસ્થિતિ તો એટલી ખરાબ છે કે આવી બધી સમસ્યાઓ અને માનવીય પડતીની વાતો એવા લોકો કરે છે જેઓ પોતે આ સમસ્યા માટે જવાબદાર છે. જેમના કરતૂતોથી માનવતા મરી રહી છે તેઓ જ પોતાનું પાત છાવરવા માનવતાનું રોદણુ રડી રહયા છે.

ખેર ! સમસ્યા માનવતાની ખામીની છે, એટલે માનવતા ફરી

જગાડવામાં આવે, એના મુલ્યોને અનુસરવામાં આવે, માનવતાના આધારે જ સમસ્યાઓને સમજવામાં આવે અને હલ શોધવામાં આવે તો સમસ્યા સુધરી શકે છે, હલ હાથવગો છે, બસ જરૂરત છે માનવીની માનવતાને જગાડવાની.

માનવી કોણ છે ? અને માનવતા શું છે ? એના માપદંડો અને સિદ્ધાંતો, આદર્શો અને નિયમો શું છે ? આ બધું માનવીના સર્જનહારે પોતાની 'કિતાબ'માં સ્પષ્ટ રીતે વર્ણવ્યું છે. એમાં માનવીના સર્જનનો ઈતિહાસ પણ છે, માનવીના સર્જનનો આયશ અને ધ્યેય પણ બતાવ્યો છે. અંત અને અંજામનું પણ વર્ણન છે. પ્રગતિ, પડતીની દાસ્તાનો વર્ણવીને કારણો – મારણોનો પણ ઉલ્લેખ છે. ભૂતકાળનું વર્ણન અને ભવિષ્યકાળનું માર્ગદર્શન પણ છે. અને માનવતાની ફરજો અને જવાબદારીઓનું પણ સવિસ્તાર વર્ણન છે. કુરઆનમાં અલ્લાહ તઆલાએ માનવતા આધારિત જે માનવીય સમાજનું ચિત્ર અને કોન્સેપ્ટ આપ્યો છે, એનો અમલી નમૂનો પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સહાબા દ્વારા આપણી સમક્ષ રજૂ કર્યો છે. ઈસ્લામ અને કુરઆન દ્વારા રજૂ કરવામાં આવેલ 'માનવતા'ની આ જ વિશેષતા છે કે એને અમલી રીતે પણ સિદ્ધ કરીને બતાવવામાં આવી છે. હજુ સુધી વિશ્વમાં બીજી કોઈ એવી માનવીય જીવનપદ્ધતિ નથી આવી, જેને રજૂ કરનાર ચિંતકો અને રચનાકારોએ અમલી રીતે પણ સિદ્ધ કરી બતાવી હોય.

અલ્લાહ તઆલાએ મુસલમાનોને કુરઆન અને રસૂલે ખુદા સ્વરૂપી નેઅમત ઉપર ઈમાનની દોલત આપીને નવાઝયા છે. મુસલમાનોને કુરઆન ઉપર અને રસૂલે ખુદા ઉપરશ્રદ્ધા છે, અકીદત છે, માટે કુરઆન અને રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ થકી બતાવવામાં આવેલ 'માનવતા'ના કાર્યો અને સંદેશને તેઓ વધુ સારી રીતે સમજી શકે છે, શીખી શકે છે, અનુસરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો મુસલમાનો જ આ દુનિયામાં માનવતાના કેળવણીકાર અને ઝંડાધારી છે. વિશ્વભરને માનવતાની શીખ અને તાલીમ આપવી એમનું જ કામ છે. આ જ એમનું જીવનધ્યેય અને મિશન છે.

કુરઆને દર્શાવેલ માનવતાનો સિદ્ધાંત દરેક ધર્મ અને કોમને આવરી લે છે. કુરઆનમાં દર્શાવ્યા પ્રમાણે દરેક માનવીનો વંશ આખરે જઈને હઝરત આદમ અલૈ. સુધી પહોંચ છે. કુરઆનમાં કોઈ એક માનવીને ખુદાનો કે બહ્માનો પુત્ર કહીને ઉચ્ચ અને બીજાને નીચ નથી કહેવામાં આવ્યો. માનવી હોવામાં દરેક સરખા કરાર દેવામાં આવ્યા છે. આ જ તે બાબત છે જેના કારણે કુરઆનમાં દર્શાવવામાં આવેલ માનવતાની વાત અસલી – સાચી કહી શકાય છે.

આજની સ્થિતિ આ છે કે જગતને માનવતાનો બોધ અને સાચી શિખામણ આપનાર ઈસ્લામ ધર્મને માનવતા વિરોધી ચીતરવામાં આવે છે, મુસલમાનોને પણ એમ વિચારે અને બોલે છે કે આપણે કોઈ સારું કામ કરીએ તો માનવતાના આધારે કરવું જોઈએ, જાણે માનવતા અને ઈસ્લામ ધર્મ વિરોધાભાસી હોય. ઘણી જ ચતુરાઈ પૂર્વક મુસલમાનો પાસેથી એમની માનવતાના સિદ્ધાંતો, આદર્શો અને કામો છીનવીને અલગ કરી દેવામાં આવ્યા છે. કોઈ ખેલાડી, લશ્કરનો સૈનિક, દાનવીર વેપારી, આર્ટીસ્ટ, વૈજ્ઞાનિક વગેરે જેને પણ એની સેવા માટે બિરદાવવામાં આવે ત્યારે એ કહે છે કે, આ બધું મેં વતન માટે કર્યું છે, માનવતા માટે કર્યું છે, ફલાણા – ઢીંકણા ઉચ્ચ ધ્યેય માટે કર્યું છે, પણ કોઈ એવું નથી કહેતું કે આ બધું મેં અલ્લાહ માટે કર્યું છે, અલ્લાહનો જ આદેશ માથે ચડાવીને આ સેવા કરી છે.

વિચારવાની વાત છે કે મુસલમાનો પણ કેમ એમની સેવાને, સંસ્કારને, માનવતાને ઈસ્લામનું ફળ અને પ્રેરણા નથી બતાવતા ? વાત આ છે કે ઈસ્લામના આદર્શો અને ઉચ્ચ તાલીમ સામે કોઈ બીજો ધર્મ કે માનવરચિત સમાજ ટકી શકયો નથી. એટલે હવે એક નવું સુત્ર આપણને આપવામાં આવ્યું છે : "માનવધર્મ સહુથી મોટો ધર્મ છે." કોઈ બીજા ધર્મના આદર્શો અને તાલીમમાં માનવતાવાદી પાસાની ખામી હોય તો હશે, અમને ખબર નથી, પણ ઈસ્લામમાં તો આ બાબતે કોઈ ખામી નથી જ. આમ માનવધર્મ અને ઈસ્લામ બન્ને સમાન ગણી શકાય છે. છતાં આપણા મોંઢે બોલાવવામાં આવે છે, માનવધર્મ સહુથી મોટો ધર્મ છે, એટલે કે ઈસ્લામ પણ એની સાથે ટુંકો પડે છે, નઉઝુબિલ્લાહ.

● ● ● ● ●

# ... જીવન ઘડતર ...

અલ્લાહ તઆલાએ લાકડાનું સર્જન કર્યું છે, પણ હોડી – નાવડી નથી બનાવી. ધરતીના પેટાળમાં લોખંડ મુકયું છે, પણ લોઢાનું કોઈ મશીન કે ઓજાળ ઢાળીને નથી બનાવ્યું. એલ્યુમીનીયમ અને પ્લાસ્ટીક આપ્યું છે, સોના ચાંદીના ખઝાનાઓ પણ જમીનમાં સંઘર્યા છે, પણ આ બધાનું કોઈ સાધન, સવારી, મશીન, ઓજાર કે ઘરેણું બનાવીને નથી બતાવ્યું.

આવું કેમ ?

આવું એટલા માટે કે આગળનું કામ અલ્લાહ તઆલા માણસ પાસે લેવા માંગે છે. એક તરફ અલ્લાહ તઆલાએ કાચો માલ પેદા કર્યો અને બીજી તરફ માણસને બુદ્ધિ અને હોશિયારી આપી. હવે અલ્લાહ તઆલા ચાહે છે કે માણસ આ કાચા માલ દ્વારા મશીન બનાવે. ઓજાર બનાવે. સાધન અને ઘરેણા બનાવે.

કુદરતી શકિત અને સંપત્તિનો રચનાત્મક ઉપયોગ કરીને સંસ્કૃતિનો એક ભાગ બનાવવાનું આ એક ઉદાહરણ છે.

માનવીય શકિત, બુદ્ધિ અને કાબેલિયત વિશે પણ અલ્લાહ તઆલા આવું જ ચાહે છે. માણસને અલ્લાહ તઆલાએ સુંદર વ્યકિતત્વ અને અસ્તિત્વ આપીને સત્વ, તત્વ, બુદ્ધિ, સમૃદ્ધિ અને જ્ઞાન – વિજ્ઞાનનો ઘણો બધો કાચો માલ આપ્યો છે. હવે માણસે અલ્લાહ તઆલાએ આપેલ કાચા અસ્તિત્વનું ઘડતર કરીને એમાંથી સંપૂર્ણ અને સંપન્ન માણસ બનાવવાનું છે. હદીસ શરીફમાં આ જ અનુસંધાને કહેવામાં આવ્યું છે : માણસો પણ સોના ચાંદીની ખાણોની જેમ વિવિધ કાબેલિયતની ખાણો છે.

એક માણસ મા ના પેટમાંથી પેદા થાય છે. આ જ માણસનું બીજું અસ્તિત્વ માણસ પોતે ઘડે છે. જે કંઈ કાબેલિયત માનવીને મળી હોય છે, એને કોઈ તો સારા કામો તરફ લઈ જાય છે તો કોઈ ખરાબ કામો તરફ. કોઈ સારું બોલે છે તો કોઈ ખરાબ. કોઈ એની શકિતને રચનાત્મક કાર્યોમાં વાપરે છે તો કોઈ ખંડનાત્મક કાર્યોમાં. માણસને આપવામાં આવેલ શકિત અને સલાહિયત એક ખાલી જમીન છે. માણસ ચાહે તો એના ઉપર કાંટા ઉગાડે અને ચાહે તો એને બગીચો બનાવે. ચાહે તો પોતાના માટે જન્નતનું સર્જન કરે અને ચાહે તો જહન્નમનું.

■ . ■ . ■ . ■

# હઝ.અબૂ બક્ર સિદીક (રદિ.)

હઝ. અબૂ બક્ર સિદ્દિક (રદિ.) ઈસ્લામના પહેલા ખલીફા છે, નબીએ કરીમ (સ.અ.વ.)ઉપર સૌ પ્રથમ ઈમાન લાવનાર, ઈસ્લામ ખાતર પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર વ્યકિત હતા. નબીએ કરીમ (સ.અ.વ.)નું સમર્થન જ એમનું જીવન ધ્યેય હતું. આપ (સ.અ.વ.)ની વફાત બાદ જયારે અત્યંત નાજુક પરિસ્થિતિ ઉભી થઈ, લોકોના હોશ ઉડી ગયા, હઝરત ઉમર (રદિ.) જેવા સહાબી પણ પોતાનામાં ન રહયા, હઝ. અબૂબક્ર (રદિ.) આવા ટાણે અત્યંત ધીર ગંભીર પરિસ્થિતિને સમજનાર અને અગગ–દ્રઢ મનના માનવી તરીકે પૂરવાર થયા અને રસુલ (સ.અ.વ.) ના અવસાન પછી આપ ઈસ્લામના પહેલા ખલીફા (હુકુમતના ઝિમ્મેદાર) નક્કી થયા. ખિલાફતના હોદ્દા પર નિયુકત થવાની સાથે જ આપને ઘણાં બધા (પ્રશ્નો) મસ્લાઓએ ઘેરી લીધા લોકો ખિલાફતથી બગાવત કરવા લાગ્યા. ઘણાં બધા બદ્દુ કબીલાઓ ઈસ્લામથી પણ ફરી ગયા, જયારે અમૂક લોકો તો નબી હોવાનો દાવો કરી બેઠા. ઉમ્મતે મુહંમદીય્યહ માટે આ કપરો સમય હતો.

પરંતુ સિદ્દીકે અકબર રદિ. ના ઈરાદામાં ઝરા બરાબર પણ કમી ન આવી, આપે ઈસ્લામની રક્ષા અને દીનને બાકી રાખવા માટે નમૂના રૂપ કામો કર્યા.

## *ખત્મે નુબુવ્વતના અકીદાની રક્ષા*

નબીએ કરીમ સ.અ.વ.ના અવસાનની ખબર પ્રસરવાની સાથે જ ઘણા બધા નબી હોવાનો દાવો કરનારા નીકળી પડયા, તેના જવાબમાં આપે તરત જ ખત્મે નુબુવ્વતના અકીદાની રક્ષા હેતુ તૈયારીઓ શરૂ કરી દીધી, અને નબુવ્વતના જુઠા દાવેદારોને તેમના છેલ્લા અંજામ સુધી પહોંચાડવા માટે હઝરત ખાલિદ બિન વલીદ રદિ. ને લશ્કર સંગાથે

રવાના કર્યા, સત્ય અસત્ય વચ્ચે ઘણી લડાઈઓ થઈ અને છેવટે નુબુવ્વતના જુઠા દાવેદારોને તેમના કુકર્મો ની સજા મળી, તેની સાથે જ ઉમ્મતે મુહંમ્મદીય્યહ ને જુઠા દાવેદારોથી છુટકારો મળ્યો.

## ઝકાતનો નકાર કરનારાઓનું નિકંદન

નુબુવ્વતના દાવેદારોની સાથે સાથે લોકોની એક એવી જમાઅત પણ સામે આવી, જેમણે ઝકાત અદા કરવાથી સાફ સાફ ઈન્કાર કરી દીધો. કહેવાને તો તેઓ પોતાને મુસલમાન જ કહેતા હતા, પરંતુ ઝકાત અદા કરવાની ના પાડતા હતા. એ લોકોની માંગ એક જ હતી કે અમે ઝકાત અદા નહિ કરીએ. આ મોકા પર આપે સહાબાએ કિરામથી સલાહ અને મશ્વેરો લીધા બાદ ફરમાવ્યું કે અલ્લાહની કસમ અગર કોઈ કબીલાનો માણસ આપ (સ.અ.વ.)ના સમય દરમિયાન આપવામાં આવતી ઊંટની દોરડી બરાબર વસ્તુ પણ આપવાનો ઈન્કાર કરશે, તો તેની સાથે પણ હું લડાઈ કરીશ.

## મુરતદ થઈ જનારાઓ વિરૂધ્ધ કાર્યવાહી.

આપ(સલ.)ની વફાત બાદ અરબના અમૂક કબીલાઓ ઈસ્લામથી ફરી ગયા, તેઓનો ખ્યાલ હતો કે હવે ઈસ્લામ બાકી નહિ રહે, તેના જવાબમાં આપ (રદિ.)એ તેમના વિરૂધ્ધ પગલાં ભરવાનો નિશ્ચય સ્પષ્ટ કરતાં ફરમાવ્યું: અલ્લાહની કસમ હું તેઓની સાથે કોઈ પણ જાતની નરમી નહી વર્તીશ.

ઈસ્લામથી ફરી જનારાઓથી લડવામાં સ્વંય આપે પણ ભાગ લીધો અને જાતે પણ મદીના મુનવ્વરાની આડોશ પાડોશના મુરતદ કબીલાઓ ઉપર ચડાઈ કરી તેઓનો ખાત્મો કર્યો. આમાં બનુ અબસ,બનુ બિક્ર, અને બનુ ઝિબ્યાન, મહત્વના કબીલાઓ હતા. આપ રદિ. એ હઝરત ઉસામા રદિ. ને મદીનાના વાલી મુર્કરર કર્યા, અને પોતે મુરતદ લોકો સાથે લડવા નીકળ્યા. ત્યાં પહોંચીને લશ્કરે–ઈસ્લામ અગિયાર ટુકડીઓમાં વહેંચી આપ્યા અને અગિયાર અમીર નક્કી કર્યા. દરેક અમીરના હાથમાં એક

ઝંડો આપી ચારે તરફ રવના કર્યા કે જાઓ ! મુરતદોના વિરૂધ્ધ લડાઈ કરીને આ ફિત્નાને હંમેશા માટે ખત્મ કરી દો.

## *આપની એક મહાન ખિદમત : કુર્આન પાકને કિતાબ સ્વરૂપે ભેગું કરવું.*

આપના ખિલાફત કાળમાં સૌથી મોટુ કારનામું જે ઈસ્લામ ના ઈતિહાસમાં આપના ખિલાફત કાળની યાદ અપાવતું રહેશે, તે કુર્આને પાકને ભેગું કરવું અને તેને ક્રમ બધ્ધ કરવું છે. નુબુવ્વતના દાવેદારો અને ઈસ્લામથી ફરી જનારાઓથી જિહાદ કરવામાં ઘણાં બધા હાફિઝે કુર્આન અને મુજાહિદીન સહાબાઓ શહીદ થઈ ગયા. ખાસ કરીને જંગે યમામાની ખૂનરેઝ લડાઈમાં ઘણાં બધા સહાબાએ કિરામ શહીદ થઈ ગયા. આ મોકા પર હઝરત ઉમર રદિ.એ કુર્આન ભેગું કરવાની સલાહ આપી, પરંતુ આપે ફરમાવ્યું કે જે કામને હુઝુર સલ.એ પોતાના મુબારક જીવનમાં નથી કર્યુ, હું એવા કામને કેવી રીતે કરી શકું? પરંતુ હઝરત ઉમર રદિ. વારંવાર કહેતા રહ્યા, છેવટે હઝરતે અબુબક્ર રાજી થઈ ગયા, આ કામ માટે આપે હઝરત ઝૈદને નિયુકત કર્યા, હઝરત ઝૈદ નુબુવ્વત કાળમાં વહીના લહિયા રહી ચુકયા હતા, તેમણે કુર્આને કરીમની વિવિધ સૂરતો–આયતોને કિતાબી રૂપે ભેગી કરી, હઝરત અબુબ્રક સિદ્દીક રદિ.ના હવાલે કર્યુ.

ખુલાસો એ કે હઝરત અબુબક્રનો યુગ અન્ય સેવાઓ કાર્યોની જેમ ઈસ્લામના જવલંત વિજયો સબંધી પણ એક ઐતિહાસિક સમય ગણવામાં આવે છે. આપના કાળમાં જે વિજયો થયા અને દુન્યાના વિવિધ દેશોમાં દીને ઈસ્લામના જે દીપ પ્રગટયા, તેઓએ પુરી દુનિયામાં ઈસ્લામ ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. આપનું જીવન નબીએ કરીમ સલ.ના અખ્લાકનો જીવતો જાગતો નમુનો હતું.

## શરઈ માર્ગદર્શન
## ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ.મુફતી અહમદ દેવલા સાહેબ
સદર મુફતી જામિઅહ જંબુસર

### મસ્જિદ માટે જમીન મેળવવા કોઈને મસ્જિદના પૈસા ઉધાર આપવા

સવાલઃ અમારી મસ્જિદની બાજુમાં એક જમીન છે, જે નગરપાલિકાના નામે ચાલે છે, આ જમીન મૂળ એક મંદિરના નામે ચાલતી હતી, જે સરકારે હરીજનો પાસેથી એકવાયર કરેલી છે અને ત્યાર પછી એ જમીન નગરપાલિકાના નામે ચાલે છે, નિયમ મુજબ સરકારે જે કામ માટે એકવાયર કરેલ છે તે કામનો ઉપયોગ ન કરવાથી આ જમીન જો તેઓને પરત મળે તો તે જમીન અમારી મસ્જિદને આપવા સંમતિ આપેલી, એટલે જમીન મેળવવાનું કામ એક ભાઈને સુપ્રત કરેલું અને તેણે જણાવેલ કે જમીન જરૂર પરત મળી જશે, લાંબો સમય થયેલ હોય હજુ જમીનનો પરતનો હુકમ થયો નથી, આ કામ માટે સદર ભાઈએ અમારી પાસેથી એક રકમ તે કામના ખર્ચ માટે લઈ ગયા છે. અમોએ એ વિચારે આપેલા કે જમીન પરત મળશે, ત્યારે તેની કિંમતમાંથી પરત મેળવી લઈશું, હજુ જમીન બાબત કોઈ હુકમ થયો નથી આ કામ માટે મસ્જિદની રકમ ખર્ચ થઈ છે. તો આ રકમ મસ્જિદની આવકમાંથી ખર્ચ કરી શકાય કે નહીં ?

જવાબ : حامدا مصليا و مسلما

સવાલમાં દર્શાવેલ વિગતથી સ્પષ્ટ થાય છે કે સદર વ્યકિત પ્રથમ પોતાના માટે સરકાર પાસેથી જમીન પરત લઈ, મસ્જિદને કિંમતે આપવાનો વાયદો કરી રહી છે. હમણાંનો એનો ખર્ચ પોતાના કબ્જા અને માલિકી માટેનો જ છે, માટે મસ્જિદ તરફથી પાછળથી વસૂલ કરવાની શર્તે (કિંમતમાંથી) આપવામાં આવતી રકમ શરઈ દ્રષ્ટિએ કર્ઝની થઈ અને મુતવલ્લી માટે મસ્જિદની રકમ – અમાનત કોઈને કર્ઝ પેટે આપવી નાજાઈઝ છે, એવી જ રીતે જયારે કે સદર

વ્યકિત પોતાના કબ્જા માટે પ્રથમ ખર્ચ કરતી હોય અને પછીથી મસ્જિદને વેચાણે આપવાની હોય, હાલનો ખર્ચ મસ્જિદના ફાયદાઓ – લાભો માટે કરવામાં આવતો ખર્ચ ન કહેવાય, જયારે કે મસ્જિદની રકમને મસ્જિદના લાભો માટે ખર્ચ કરવાની ઈજાઝત છે, આ રીતે આ પ્રમાણે મસ્જિદની રકમને આપવું, પણ ના જાઈઝ ઠરે છે, માટે સવાલમાં લખેલ વિગત મુજબ મસ્જિદની રકમ સદર વ્યકિતને આપવું ના જાઈઝ છે, અત્યાર સુધી જે કંઈ રકમ આપી છે, તેના મુતવલ્લી સાહેબ જવાબદાર ગણાશે, અલબત્ત આ માટે આપ પ્રાઈવેટ રીતે કોઈ સાહિબે ખૈરને તૈયાર કરી, મજકૂર ખર્ચની વ્યવસ્થા કરી શકો છો. (ફતાવા મહમૂદીય્યહ : ૧૫ / ૭૮ ઉપરથી, જદીદ) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

તા. ૧૬ / ઝુલકઅદહ ૧૪૩૧ હિજરી – ૨૫ / ૧૦ / ૨૦૧૦ ઈસ્વી

***વકફ કરેલ ખેતર પાછું લઈને રૂપિયા આપવા***

સવાલ : વિશેષમાં હૂં પૂછવા માંગુ છું કે અમારા ગામમાં ૩ એકરનું એક ખેતર મદ્રસામાં વકફ થયેલ છે તો એક ભાઈએ પોતાના ૩ એકર ખેતર અને ૮૦ હજાર રૂા. સાથે બદલી કરી છે, તો આ રીતે વકફ ખેતરને પોતાના ખેતર સાથે બદલવું શરઈ દ્રષ્ટિએ જાઈઝ છે કે નહીં ? અને મજકૂર સોદો સહીહ છે કે પછી રદબાતલ થશે જણાવવા મહેરબાની કરશો.

જવાબ : حامدا مصليا و مسلما

મદ્રસા માટે વકફ કરવામાં આવેલ અસલ ખેતર જો ખેતી લાયક હોય, પછી તે બીજા ખેતરના પ્રમાણે ઓછી માત્રામાં કેમ ખેતી લાયક હોય, તેનો બીજા ખેતરની સાથે બદલીનો સોદો રદબાતલ ઠરશે, અસલ વકફ થયેલ જમીન પરત લેવામાં આવશે, અલબત્ત જો વકફ કરેલ જમીન કોઈ પણ રીતે ખેતી લાયક અને લાભ કરતા ન રહી હોય, તો એવી સૂરતમાં વકફ કરેલ જમીનનું બીજી ઉપયોગી જમીનથી બદલી કરવું દુરૂસ્ત છે. (શામી : ૩ / ૪૨૪, ઈમદાદુલ મુફતીન : ૭૪૯) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(૨૪ / ઝુલ કઅદહ ૧૪૩૧ હિજરી – ૨ / ૧૧/ ૨૦૧૦ ઈસ્વી)

---

બોધકથા. (નં : ૮૨)

એક ઊંટ અને એક શિયાળ એક નદી કાંઠે સામ સામે પાણી પી રહયા હતા. શિયાળે ઊંટને પૂછયું કે, તને ખબર છે નદીના આ પાણીની ઊંડાઈ કેટલી છે ?

ઊંટે જવાબ આપ્યો :

નદીમાં લગભગ ઘુંટણ જેટલું પાણી છે.

ઊંટનો જવાબ સાંભળીને શિયાળ તુરંત નદીમાં નહાવા કુદી પડયું.

પણ આ શું ? એ તો પાણીમાં ડૂબવા લાગ્યું.

માંડ માંડ મોંઢું બહાર કાઢીને એણે ઊંટને કહયું કે, તેં તો કહયું હતું કે ઘુંટણ જેટલું જ પાણી છે ! આ જો ! હું તો ડૂબી જઈશ.

ઊંટે જવાબ આપ્યો કે, મેં મારા ઘુંટણ સુધી પાણી હોવાની વાત કરી હતી. મને શી ખબર કે તું એમાં નહાવા પડવાનું છે ?

કહાનીનો સાર આ છે કે, બીજા માણસના અનુભવ અને જાણકારી આપણા માટે કેટલા ઉપયોગી છે, એટલી સમજ આપણા અંદર હોવી પણ જરૂરી છે. ઊંટના જવાબને આંખ બંધ કરીને માની લેવામાં જેમ શિયાળ ડુબી મર્યુ એમ કોઈ બીજાના અનુભવને માની લેવામાં આપણું નુકસાન થઈ શકે છે.

બીજો મહત્વનો સાર આ છે કે આપણી પાસે કોઈ સલાહ અને મશ્વેરો માંગે તો સામે વાળાની સ્થિતિ પ્રમાણે એનું માર્ગદર્શન કરવામાં આવે. આપણા જ સંજોગો અને અનુભવો સામે રાખીને જવાબ આપીશું તો એ સામે વાળા માટે ઉપયોગી નથી હોય શકતો. વાર્તામાં ઊંટે આવી જ ભૂલ કરી છે.

ત્રીજો સાર આ છે કે કોઈ પ્રકારની સલાહ કે અનુભવની જાણકારી મેળવવા સમજદાર, હોશિયાર અને અકલમંદ માણસ પસંદ કરવામાં આવે. અને પોતાની જરૂરી જાણકારી આપીને સલાહ માંગવામાં આવે. કોઈ બેવકૂફ કે બિન અનુભવી માણસ પાસે સલાહ માંગીશું તો એ એના પોતાના સંજોગો અને અનુભવોના આધારે સલાહ આપશે. એને આપણી સ્થિતિ કે સમસ્યાની જાણકારી ન હોય અથવા બધું વિચાર્યા વગર કોઈ સલાહ આપશે તો આપણા માટે એ ઉપયોગી નહીં નીવડે, બલકે ઘાતક પૂરવાર થઈ શકે છે.

---

# The Significance Of The Month Of Rajab

The entire world is the creation of Allah, however, some places are considered more sacred and divine than others. For instance, prayers offered at Mecca and Madina carry more value and significance than those offered at an ordinary place. This is because some places are more close and sacred because of their origins or their history.

**The Month of Rajab :** Similarly, some months carry more value and significance than other months. For example, Rajab is considered more sacred. This is because of several reasons. These reasons are elaborated below.

**The Significance of Rajab :**

1. When the moon is sighted on the first night of Rajab, it is among the most sacred nights. During this night Allah accepts the prayers and supplications of His beings.

2. According to Kitabul Barkaat, individuals who fast on the first Thursday that arrives after the moon is seen will gain a place in Paradise as a reward.

3. According to the Prophet (ﷺ), one who observes one fast during the month of Rajab will gain rewards similar to if one has fasted for forty years.

4. Moreover, the Prophet (ﷺ) says that, “In Paradise there is a canal named Rajab. Its water is whiter than milk, cooler than ice and sweeter than honey. The one who observes even a single fast in Rajab, he/she will be entitled to drink its water.”

5. The month of Rajab is so sacred that the Prophet (PBUH) said that if any Muslim man or woman observes fast for one day and spends the whole night worshipping Allah in the month of Rajab, Allah will write worshipping worth a year in his or her book of deeds.

6. For those who are sick and cannot fast during the month of Rajab, the Prophet recommended them to fast on the first, fifteenth and the last day of the month of Rajab. This will allow them to gain rewards for the complete month of Rajab.

7. For all those who cannot fast during the month, they can give charity or bread to the needy for every day of the month.

This shows that Rajab is a sacred month that offers many rewards. As a Muslim, it is best to take advantage of the blessings of this month.

The month of Rajab is a sacred month and one should avail the opportunity to reap as many benefits as possible. Worshipping Allah almighty during the month can help you gain tremendous rewards and these rewards can be gained by simply reciting Quran. ■ ■ ■

### મોટી મુસીબત

દિલ રડતું હોય છતાં મોઢા ઉપર મુસ્કાન રાખવી પડે, એ સહુથી મોટી મુસીબત છે.

### અઘરું કામ

જેની સાથે કદી મુહબ્બતનો સંબંધ હતો અને આત્મીયતાથી વાતો થતી હતી, હવે એની સાથે ના છુટકે વાત કરીને સંબંધો સાચવવા પડે એ ઘણું અઘરું હોય છે.

### ખામોશી, ગરીબી અને અમીરી

પહેલાના સમયમાં ખામોશી માણસની ખુશહાલી અને સંતોષનું નિશાન હતું. આજે બદહાલી અને ગરીબીનું નિશાન ગણાય છે.

### દિલના દરવાજા

હઝરત હસન બસરી રહ. ફરમાવે છે કે, ત્રણ અવસરોએ પોતાના દિલને તપાસીને પોતાની દીનદારીને સમજી શકો છો. નમાઝ દરમિયાન, તિલાવત દરમિયાન અને ખુદાનો ઝિક્ર કરતી વખતે. આ સમયે જો તમને કંઈ મજા પડે છે તો બધું ઠીક છે એમ સમજો, નહીંતર સમજો કે દિલના દરવાજા બંધ છે. એને ખોલવાનો પ્રયત્ન કરો.

### મુસીબતના દિવસો

મુસીબતના દિવસો કહીને નથી આવતા, પણ જાય છે ત્યારે ઘણું બતાવી અને શીખવીને જાય છે.

### સાચું નુકસાન

સત્યને તરછોડી દેવામાં આવે તો નુકસાન સત્યનું નથી, એને તરછોડનાર નુકસાન ભોગવે છે. દરેક ભલાઈનું આ જ માપદંડ છે.

### સંબંધ સાચવો

માણસ સંબંધો સાચવવાના ઘણા પ્રયત્નો કરે છે. ઘણા સંબંધો કાચ જેવા હોય છે. પણ શરીર અને રૂહનો સંબંધ સહુથી વધારે કાચો હોય છે, શી ખબર કયારે તૂટી જાય ? માટે એને સાચવવાની જરૂરત વધારે છે.

### અકીદો

'અકીદો' દિલની દુનિયાની વસ્તુ છે. આપણે અકીદાઓ પઢીએ, જાણીએ અને સમજીએ છીએ, પણ અફસોસ દિલની દુનિયામાં અકીદો ઉતરતો નથી.

### બુરાઈને બુરાઈ કહેતા રહો

લોકોમાં બેદીની અને બુરાઈની જે કોઈ બાબત હોય, એના પ્રતિ યોગ્ય હિકમત અને મસ્લેહત મુજબ નિર્દેશ થતો રહેવો જરૂરી છે. નહીંતર લોકો બેદીની અને ગુમરાહીને જ દીન સમજવા લાગશે.

### હિકમતની વાતો

હિકમતની વાતો સાંભળીને દિલ એવી રીતે જીવંત થાય છે જેમ પાણી વડે સુકી ધરતી સજીવન થઈને લહેરાય છે. માટે હિકમતની વાતો વહાવતા ઉલમા, મશાઈખની પાસે બેસતા રહો.